-સ્થાનિક સંવર્ગના કર્મચારીઓની ભરતી
ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અથવા
જીલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ
મારફતે નિયમોનુસાર કરવા બાબત.

ગુજરાત સરકાર,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,
પરિપત્ર ક્રમાંક: નપમ/ ૧૯૮૭/ ૨૯૨૬/ ક,
સચિવાલય,ગાંધીનગર
તારીખ: ૧૮ /૯/૨૦૦૬

**વંચાણમાં લીધા:-**

(૧) પં.ગ્રા.ગૃનિ. અને ગ્રા.વિ.વિભાગનો તા. ૨૧/૮/૮૫નો પરિપત્ર ક્રમાંક: નપમ/ ૧૦૮૫/ ૧૮૨૩/ક.૧

(૨) પં.ગ્રા.ગૃનિ. અને ગ્રા.વિ.વિભાગનો તા. ૨૫/૮/૧૯૮૩નો પરિપત્ર ક્રમાંક: નપમ/ ૧૦૮૩/ ૯૬૪/ક.૧

(૩) પં.ગ્રા.ગૃનિ. અને ગ્રા.વિ.વિભાગનો તા. ૩૦/૯/૧૯૯૧નો પરિપત્ર ક્રમાંક: નપમ/ ૧૦૯૦/ ૧૮૦૨/ક

(૪) પં.ગ્રા.ગૃનિ. અને ગ્રા.વિ.વિભાગનો તા. ૨૩/૨/૨૦૦૫નો પરિપત્ર ક્રમાંક: નપમ/ ૧૦૨૦૦૧/ ૧૦૦૮/ક

<u>**પરિપત્ર :-**</u>

આમુખના ક્રમાંક: ૧ થી ૩માં વંચાણમાં લીધેલ વિભાગના પરિપત્રોથી સ્થાનિક સંવર્ગ ના કર્મચારીઓની ભરતી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૬૧ની કલમ-૨૦૩ તથા ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૨૨૭ મુજબ માન્ય પધ્ધતિથી એટલે કે ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અથવા જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ મારફત તથા રોજગાર વિનિયમ કચેરી મારફતે જાહેરાત આપીને ઠરાવેલ પધ્ધતિથી કરવા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવેલ છે. વર્ગ-૪ના કર્મચારીઓની ભરતી અંગે પણ વિભાગના તા. ૩૦/૯/૯૧ તથા તારીખ.૨૩-૨-૦૫ ના પરિપત્રથી જોગવાઇ કરેલ છે. ગ્રામ પંચાયતના કર્મચારીઓની ભરતી / નિમણુંક સક્ષમ અધિકારીએ મંજૂર કરેલ સેટઅપ ઉપર ઠરાવેલ પધ્ધતિથી નિયમોનુસાર કરવાની રહે છે. તેમ છતાં મોટા ભાગની ગ્રામ પંચાયતોમાં નિયમો વિરૂધ્ધ, ગેરકાયદેસર રીતે ઠરાવથી જે તે કર્મચારીઓની નિમણુંક કરવામાં આવે છે. ગ્રામ

પંચાયતોમાં ગેરકાયદેસર, અનિયમિત ભરતી / નિમણુંક ન કરવામાં આવે તે માટે કાળજી રાખવા તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને સૂચના આપવામાં આવેલ છે. તેમ છતાં, સરકારશ્રીની સ્પષ્ટ સૂચનાઓ હોવા છતાં આવી અનિયમિત ભરતી/નિમણુંક ચાલુ રહેલ છે તેમ સરકારશ્રીના ધ્યાને આવેલ છે. આ ગંભીર બાબત છે. આવા ગેરકાયદેસર/ અનિયમિત નિમણુંક પામેલ ગ્રામ પંચાયતના કર્મચારીઓ રાજય સેવાના તથા પંચાયત સેવાના અન્ય નિયમિત કર્મચારીઓને મળવાપાત્ર સેવાવિષયક લાભો, પેન્શન વિગેરે નિવૃત્તિના લાભો મેળવવા કોર્ટનો આશરો લે છે. જેથી સરકારશ્રીના બિનજરૂરી સમય અને નાણાંનો વ્યય થાય છે. આવા કોર્ટ કેસોમાં સરકારશ્રીને પક્ષકાર બનાવવામાં ન આવે તેવી સૂચનાઓ આપેલ છે. તેમ છતાં આ સૂચનાનો અમલ કરવામાં આવતો નથી અને સરકારશ્રીને કોર્ટ કેસોમાં પક્ષકાર બનાવવામાં આવે છે.

કેટલાક કિસ્સાઓમાં નિયમોનુસાર ન હોવા છતાં કોર્ટના ચુકાદાને કારણે ગ્રામ પંચાયતોના અનિયમિત કર્મચારીઓને સેવા વિષયક તેમજ નિવૃત્તિના લાભો ચુકવવાના પ્રસંગો ઉપસ્થિત થાય છે. આ પરિસ્થિતિ નિવારવી ખૂબજ જરૂરી છે આથી તમામ ગ્રામ પંચાયતોમાં સંબંધકર્તા કર્મચારીઓની ભરતી સક્ષમ્ અધિકારીએ મંજુર કરેલ સેટઅપ પર પંચાયત અધિનિયમની જોગવાઈઓ મુજબ ઠરાવેલ પધ્ધતિથી કરવામાં આવે તેનું ચુસ્તપણે ધ્યાન રાખવા તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ તથા તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે. જેથી તમામ ગ્રામ પંચાયતોમાં મહેકમની સમીક્ષા કરી, ગેરકાયદેસર/ અનિયમિત નિમણુંકો ન થાય તે માટે નીચે મુજબની તકેદારી રાખવાની રહેશે.

(૧)તાલુકા વિકાસ અધિકારીશ્રી/જીલ્લા વિકાસ અધિકારીશ્રીને જયારે પણ કોઇ ગ્રામ પંચાયતની મુલાકાત લેવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે અથવા ગ્રામ પંચાયતના ઇન્સ્પેકશન સમયે આ બાબતની ચકાસણી કરવાની રહેશે અને ગેરકાયદેસર/અનિયમિત નિમણુંક કરવામાં આવી નથી તેવું પ્રમાણપત્ર આપવાનું રહેશે. અને અનિયમિત નિમણુંક જણાઇ આવે તો આવી નિમણુંક કરનાર ગ્રામ પંચાયતો સામે પંચાયત અધિનિયમની જોગવાઇ મુજબ સુપરસીડ કરવા જેવા પગલાં લેવાના રહેશે. જેથી આવી ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવી શકાય. (૨) ગ્રામ પંચાયતો તરફથી કર્મચારીઓની ગેરકાયદેસર / અનિયમિત નિમણુંક / ભરતી કરતા ઠરાવોનો સંબંધિત તાલુકા વિકાસ અધિકારીશ્રીએ પ્રતિષેધ કરવાનો રહેશે. (૩)આ બાબતે કરવામાં આવેલ કાર્યવાહીની સમીક્ષા કરીને દર ત્રણ મહિને તાલુકા વિકાસ અધિકારીશ્રી પ્રમાણપત્ર આપે કે તેમના તાબા હેઠળની ગ્રામ પંચાયતોમાં અનિયમિત ભરતી/નિમણુંક કરવામાં આવેલ નથી. તે પ્રમાણે સંબંધકર્તાજીલ્લા વિકાસ અધિકારીશ્રીને અહેવાલ મોકલે અને તે પ્રમાણે સંબંધકર્તા જીલ્લા વિકાસ અધિકારીશ્રી, દર છ માસે વિકાસ કમિશ્નરશ્રી મારફતે પંચાયત વિભાગને અહેવાલ મોકલશે.

ઉપરોકત સૂચનાનો ભંગ થયેલ જણાશે તો સંબંધકર્તા તાલુકા વિકાસ અધિકારીશ્રી/ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓની જવાબદારી નકકી કરવામાં આવશે.આથી ઉકત સૂચનાનો

ચૂસ્તપણે અમલ કરવા તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/તાલુકા વિકાસ અધિકારીશ્રીઓને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી.એમ.રાઠોડ
ઉપ સચિવ,
પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

પ્રતિ,

- વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજય,ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજય, અમદાવાદ,
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, એલ.ડી.એન્જીનીયરીંગ કોલેજ કંપાઉન્ડ, નવરંગપુરા, અમદાવાદ.
- તમામ જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જીલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ,
- તમામ તાલુકા વિકાસ અધિકારીશ્રી,
- પંચાયત,ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તમામ શાખાઓ/ક-શાખા સિવાય,
- સિલેકટ ફાઇલ.